પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૫ | ૫ જુલાઈ, ૨૦૧૭, બુધવાર ; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈઝરાયલ-ભારત વચ્ચે નવો અધ્યાય

**ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂ વિમાની મથકે પહોંચ્યા : પ્રોટોકોલ તોડીને ભવ્ય સ્વાગત કરાયું : ૭૦ દેશમાં ઇઝરાયેલની યાત્રા કરનાર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા : ઘણી સમજૂતિ પર હસ્તાક્ષર કરાશે**



યેરુશાલેમ,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈઝરાયેલની ઐતિહાસિક ત્રણ દિવસની યાત્રા યાત્રા આજે શરૂ થઈ ગઈ હતી. ઈઝરાયેલ પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના નિમંત્રણ ઉપર વડાપ્રધાન પહોંચ્યા છે. યહૂદી જમીન ઉપર પગ મુકનાર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા છે. મુંબઈ આતંકવાદી હુમલામાં બચી ગયેલા પીડિતને પણ મળવાની યોજના મોદી ધરાવે છે. ઈઝરાયેલની મોદીની ત્રણ દિવસની ઐતિહાસિક યાત્રા શરૂ થયા બાદ હવે ભરચક કાર્યક્રમો રહેનાર છે. ઈઝરાયેલ પહોંચ્યા બાદ વિમાની મથકે વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂએ પ્રોટોકોલ તોડીને મોદીનું સ્વાગત કર્યું હતું. ઈઝરાયેલ દ્વારા આ પ્રકારની અભૂતપૂર્વ સ્વાગત તૈયારી અમેરિકી પ્રમુખ અને ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ માટે કરવામાં આવે છે. આ વખતે મોદી માટે આ પ્રકારની તૈયારી કરવામાં આવી હતી. ૭૦ વર્ષમાં કોઈ પ્રથમ વડાપ્રધાને ઈઝરાયેલની મુલાકાત લીધી છે. વિમાની મથકે નેતાન્યાહૂ અને મોદી એકબીજાને ગળે મળ્યા હતા. બંને વડાપ્રધાનોએ વિમાની મથકે જ ટૂંકાગાળાનું સંબોધન કર્યું હતું. ઈઝરાયેલે ભારતીય વડાપ્રધાનને સરપ્રાઈઝ આપવાનું વચન આપ્યું છે. હજારો કરોડની સમજૂતિ થઈ શકે છે. ઈઝરાયેલી વડાપ્રધાને હિન્દી ભાષામાં ભારતીય વડાપ્રધાનને કહ્યું કે, આપકા સ્વાગત હૈ મેરે દોસ્ત. મેક ઈન ઈન્ડિયાને વીથ માઈ મેક ઈન ઈન્ડિયા બનાવવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. મોદીની સાથે મોટુ પ્રતિનિધિમંડળ પણ મોદીની સાથે પહોંચ્યું છે. જુદા જુદા કાર્યક્રમો થનાર છે. ભારત અને ઈઝરાયેલ દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જશે. મોદી હેફામાં ઈન્ડિયન સેમટેરિમાં ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે. ૨૬-૧૧ હુમલામાં ઘાયલ થયેલા હોલ્ત્ઝબર્ગ મોસેને પણ મળશે.

● અનુસંધાન પાન-૭ પર

## યોગ્ય કારણ હોય તો જુની નોટ જમા કરવાની તક મળવી જોઈએ : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે કોઇ વિન્ડો રાખી શકાય છે કે કેમ તેનું સૂચન કર્યું : નોટબંધી દરમિયાન આપવામાંઆવેલા સમયમાં જુની નોટ જમા નહીં કરાવી શકેલા લોકોની પાસે યોગ્ય કારણો હોય તો તક મળવી જોઇએ : સુપ્રીમ કોર્ટ**

નવી દિલ્હી,તા. ૪

કોઈ વાજબી કારણસર જો તમે ૩૦મી જુન સુધી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટ બેંકમાં જમા કરાવી શક્યા નથી તો તમને વધુ એક તક મળી શકે છે. કારણ કે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને આરબીઆઈને કેટલાક પ્રશ્નો કર્યા છે. જે લોકો નોટબંધીના ગાળા દરમિયાન આપવામા આવેલા સમય સુધી જુની નોટ જમા કરાવી શક્યા નથી તે લોકો માટે કોઈ અલગ વિન્ડો કેમ ન હોઈ શકે તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર અને આરબીઆઈને કર્યો છે. કોર્ટે પ્રશ્ન કરતા કહ્યુ છે કે જે લોકો વાજબી કારણોસર રૂપિયા બેંકમાં જમા કરાવી શક્યા નથી તેમની સંપત્તિને સરકાર આ રીતે આંચકી શકે નહી. સાથે સાથે કોર્ટે કહ્યુ છે કે જે લોકોની પાસે જુની નોટ છે અને જમા કરાવી શક્યા નથી તે લોકો પાસે વાજબી કારણ છે તો તેમને તક મળવી જોઈએ. એક મહિલાની અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યુ હતુ કે જો કારણ વાજબી લાગે છે તો તેમને તક મળવી જોઈએ. દેશની સર્વોચ્ચ અદાલતે પ્રશ્ન કરતા કહ્યુ છે કે જો કોઈ વ્યક્તિ રૂપિયા જમા કરાવી દેવાની અવધિ દરમિયાન જેલમાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### એ.કે. જોતિ આવતીકાલે હોદ્દો સંભાળશે



દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નીમાયેલા ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ અચલકુમાર જોતિ આવતીકાલે કાર્યભાર સંભાળશે. વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ ઝૈદી નિવૃત્ત થતાં એ.કે. જોતિ તેમનુ સ્થાન લેશે.

### કાર્તી ચીદમ્બરમને કોઈ રાહત નહી

પૂર્વ નાણામંત્રી પી.



ચીદમ્બરમના પુત્ર કાર્તી ચીદમ્બરમ સામે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટર દ્વારા દાખલ કરાયેલ LINLA કેસની તાકીદે સૂનાવણીની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે.

### ઉત્તર કોરીયાએ મિસાઈલનુ પરિક્ષણ કર્યુ

ઉત્તર કોરીયાએ પ્રથમ વખત ઈન્ટ કોન્ટીનેન્ટ બેલીસ્ટીક મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ છે. નોર્થ કોરીયાના આ પગલાંથી અન્ય દેશોમાં ચિંતા ફેલાઈ છે.

## જીએસટીના પગલે ચોવીસ રાજ્યોના ચેકપોસ્ટ હટાવાયા

**વાર્ષિક ૨૩૦૦ કરોડ રૂપિયાની સીધી બચત થશે : જીએસટીના પરિણામ સ્વરુપે ટ્રકોની અવરજવર ઝડપી બનશે અને રસ્તાઓની અડચણ દૂર થવાથી ભારે બચત**

નવી દિલ્હી,તા. ૪

એક દેશ એક ટેક્સના નારા સાથે શુક્રવારની અડધી રાત્રે લાગૂ કરવામાં આવેલા જીએસટીથી ભારતની અર્થવ્યવસ્થાને વાર્ષિક ૨૩૦૦ કરોડ રૂપિયાની ભારે બચત થશે. હજુ સુધી રાજ્યોના ચેકપોસ્ટ ઉપર ટ્રકને જુદી જુદી જગ્યા પર રોકવાની ફરજ પડતી હતી. નાણામંત્રાલયના કહેવા મુજબ જીએસટી લાગૂ થઈ ગયા બાદ હજુ સુધી ૨૨ રાજ્યના ચેકપોસ્ટ ખતમ કરવામાં આવી ચુક્યા છે. એમ માનવામાં આવે છે કે, હવે જીએસટીના પરિણામ સ્વરુપે ટ્રકોની અવરજવર ઝડપી બનશે અને રસ્તાની

● અનુસંધાન પાન-૭ પર

# એમઆરપીથી અલગ કોઈ ટેક્સ રહેશે નહીં

**કિંમત વધારવાની સ્થિતિમાં અખબારમાં એડ આપવી પડશે : જીએસટી સાથે જોડાયેલી દુવિધાને દૂર કરવા તમામ પ્રયાસ કરાઈ રહ્યા છે : કોમોડિટીના સપ્લાય અને કિંમતો ઉપર નજર રાખવા કમિટિની રચના કરાઈ**



નવીદિલ્હી,તા. ૪

જીએસટી લાગૂ થઈ ગયા બાદ કોમોડિટીઝમાં સપ્લાય અને તેમની કિંમતો ઉપર નજર રાખવા માટે સરકારે એક કમિટિની રચના કરી છે. આજે જીએસટી સાથે જોડાયેલી અને દુવિધાઓને દૂર કરીને મહેસુલી સચિવ હસમુખ અઢિયાએ કહ્યું હતું કે, હજુ સુધી બે લાખ ૨૦૦૦ લોકોએ જીએસટી હેઠળ રજિસ્ટ્રેશન માટે અરજી કરી છે. જીએસટી લાગૂ થઈ ગયા બાદ પ્રોડકટના એમઆરપીથી અલગ વસુલીને લઈને અઢિયાએ કહ્યું હતું કે, જીએસટી લાગૂ થઈ ગયા બાદ રિટેલ પ્રાઈઝમાં સુધારા થઈ શકે છે. જો એમઆરપીથી વધારે કિંમત રહેશે તો મેન્યુફેક્ચર્સને બે અખબારોમાં માહિતી આપવી પડશે અને પેકેટ ઉપર રિવાઈઝ એમરઆરપી લખવાની જરૂર પડશે. કિંમતો ઓછી હોવા પર જાહેરાત આપવાની જરૂર પડશે નહીં પરંતુ રિવાઈઝ

● અનુસંધાન પાન-૭ પર

## રૂપિયા ૨૦૦ની નવી નોટ જારી કરાશે

નવી દિલ્હી,તા. ૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રૂપિયા ૨૦૦ની નવી નોટ રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. આના માટે પ્રિન્ટિંગના આદેશ આપી દેવામાં આવ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પ્રિન્ટિંગના આદેશ આપી દેવામાં આવ્યા બાદ નવી નોટ લોકોને જોવા મળશે. માર્ચ મહિનામાં નાણામંત્રાલય સાથે વાતચીત કરીને આરબીઆઈ દ્વારા રૂપિયા ૨૦૦ની નોટ જારી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ટૂંક સમયમાં જ આ સંદર્ભમાં જાહેરનામુ જારી કરવામાં આવશે. દેશમાં કરન્સીની સ્થિતિને વધુ સરળ બનાવવા રૂપિયા ૨૦૦ની નવી નોટ જારી કરવાનો નિર્ણય કરાયો છે.

## ચીનની ભારતને વધુ એક ધમકી

નવીદિલ્હી, તા. ૪

સિક્કિમમાં ડોકલામ વિસ્તારને લઈને જારી ખેંચતાણ વચ્ચે ભારત અને ચીન આમને સામને આવી ગયા છે. શાબ્દિક યુદ્ધનો દોર ચાલી રહ્યો છે. હવે ચીનના એક નિષ્ણાતે કહ્યું છે કે, જો ભારત ચીનની વાત સાંભળશે નહીં તો ચીન પોતાની લશ્કરી તાકાતનો ઉપયોગ કરવા માટે મજબૂર થઈ જશે. ડોકલામમાં બંને દેશો વચ્ચે ઉભી થયેલી મડાગાંઠનો આ ત્રીજો સપ્તાહ છે. ચીની સરકારી મિડિયા અને થીંક ટેંક દ્વારા કહેવામાં આવી ચુક્યું છે કે, જો બંને દેશો વચ્ચે ઉભા થયેલા વિવાદને યોગ્ય રીતે હાથ ધરાશે નહીં તો યુદ્ધ પણ થઈ શકે છે. ચીનના એક સરકારી અખબાર સાથેની વાતચીતમાં શાંઘાઈ એકેડમી ઓફ સોશિયલ સાયન્સના રિસર્ચ ફેલો હુ ઝિયોંગનું કહેવું છે કે, ચીન ભારતને સમજાવવા માટેના તમામ પ્રયાસ કરે છે. શાંતિથી સમસ્યાના ઉકેલ માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ જો ભારત તેની વાત સાંભળશે નહીં તો ચીનની પાસે સમસ્યાને ઉકેલવા લશ્કરી તાકાત અજમાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેશે નહીં.







